ગાંધીનગર સમાચાર

પોલીસ કર્મીઓની જિલ્લામાં મોટા પાયે આંતરીક બદલીના ભણકારા

# શહેરમાં ગરમીના પગલે આગના બે બનાવ

**મંત્રી નિવાસમાં બંગલા નં. ૪૧ પાસે સુકો કચરો અચાનક સળગી ઉઠતા આગ : ત્રિમંદિર સામે જંગલ વિસ્તારમાં પણ આગ ભભુકી : આગના બંને બનાવો બાદ ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લીધી**

ગાંધીનગર, તા.૨૯

ગરમી શરૂ થતાની સાથે જ જંગલ વિસ્તારમાં સૂકા પાંદડા તથા અન્ય વિસ્તારોમાં સૂકા કચરા સળગી ઉઠવાના બે બનાવો ગાંધીનગર આસપાસ આજે બનવા પામ્યા હતાં. મંત્રી નિવાસમાં બંગલા નં. ૪૧ પાસે સૂકો કચરો સળગતા ફાયરબ્રિગેડની ટીમ દોડી ગઈ હતી અને આગ પ્રસરે તે પહેલા કાબુમાં લઈ લેવાઈ હતી. જયારે ત્રિમંદિર સામે જંગલ વિસ્તારમાં પણ આગનો કોલ મળતા ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમ પહોંચી ગઈ હતી અને આગ બેકાબુ બને તે પહેલા પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લેવાઈ હતી.

મળતી માહિતી મુજબ સવારે અડાલજ ત્રિમંદિર સામે સ્થિત બાબા-સીતારામ હોટલની પાછળ આવેલ જંગલ વિસ્તારમાં આગ લાગ્યાનો પહેલો કોલ ગાંધીનગર ફાયરબ્રિગેડને મળતા ફાયરમેન ચિનુભાઈ તથા કાફલો તાબડતોબ બનાવ સ્થળે પહોંચી ગયો હતો. જંગલના સૂકા પાંદડાઓ થકી અચાનક લાગેલી આગ વધુ પ્રસરે તે પહેલા પાણી મારીને આગને કાબુમાં લઈ લેવામાં આવીહ તી. ત્યાર બાદ બપોરના અરસામાં મંત્રી નિવાસ ખાતે સંસદીય સચિવ શ્યામજી ચૌહાણને ફાળવવામાં આવેલા બંગલા નં. ૪૧ની બાજુમાં સૂકો કચરો સળગી ઉઠયો હોવાનો કોલ મળતા જ ગાંધીનગર ફાયરબ્રિગેડના ઓફીસર મહેશ મોડ તાત્કાલીક ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા. સૂકા કચરામાં લાગેલી આગ વધુ પ્રસરે તે પહેલા આગને બુઝાવી દઈ મોટું નુકશાન થતું અટકાવી દેવામાં આવ્યું હતું. સદભાગ્યે આ બંને ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થવા પામી ન હતી.



## @ગાંધીનગર

● પનઘટ કલા કેન્દ્ર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે સ્વરકાર નયનેશ જાનીના સ્વરાંકનોની રજૂઆત કરતો કાર્યક્રમ યોજાશે.

● જીસીઈઆરટી દ્વારા આયોજિત રાજય કક્ષાના શૈક્ષણિક ઈનોવેશન પ્રદર્શનનો સમાપન કાર્યક્રમ સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે બપોરે ૩.૦૦ કલાકે યોજાશે.

## આજે રાજસ્થાન સ્થાપના દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૯

તા. ૩૦મી માર્ચના રોજ રાજસ્થાન સ્થાપના દિવસ નિમિત્તે રાજસ્થાન સેવા સંઘના તમામ પ્રતિનિધિઓનો સ્નેહ મિલન કાર્યક્રમ સેકટર-૨૪માં કાર્યાલય ખાતે યોજેલ છે. આગામી કાર્યક્રમમાં રાજસ્થાન મહોત્સવ રૂપે સપ્તાહિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે તેમ સંસ્થાના પ્રતિનિધિ શ્રી વી.પી. સિંહે જણાવેલ છે.

## શ્રમજીવી બાળકોને ખજૂર અને ધાણીનું વિતરણ

ગાંધીનગર, તા.૨૯

તાજેતરમાં ધોળા કુવા રક્ષા શકિત સર્કલ પાસે વસવાટ કરતા શ્રમજીવી પરિવારના ૬ થી ૧૪ વર્ષના બાળકોને ખજૂર, ધાણી, મમરા, ચા, ખાંડ, દૂધ, અનાજ સહિતની અન્ય ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ પ્રફુલ્લાબેન ભાવસાર દ્વારા શ્રમજીવી પરિવારના બાળકોને ભણવા માટે પ્રોત્સાહિત કરાયા હતા. આ ઉપરાંત બાળકોને તેમના સ્થળે જ અક્ષરજ્ઞાન આપવાનું પણ નક્કી કરાયું હતું. શ્રમજીવી પરિવારના કેટલાક બાળકો આર્થિક પરિસ્થિતિના કારણે ભણવાથી વંચિત રહી જતા હોય છે જયારે આ બાળકોને પણ ભણાવવા માટેના કેટલાક પ્રયત્નો નગરના સેવાભાવી કાર્યકરો દ્વારા કરવામાં આવી રહ્યા છે.




ગાંધીનગરમાં એચઆઈવી પોઝીટીવ વ્યકિતઓ માટે કાર્યરત સંસ્થા જીએસએનપી પ્લસ દ્વારા જિલ્લાની ૩૦ જેટલી એચઆઈવી ગ્રસ્ત વિધવાઓને સાડી વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સાડીના દાતાઓ વાણીભાઈ ઠકકર, જીજ્ઞાસાબેન સુકેતુભાઈ મહેતા તથા પુરુષોત્તમભાઈ ઠકકર સહિત સંસ્થાના હોદ્દેદારો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## ઈન્ફોસીટી પોલીસે ત્રણ વોન્ટેડ આરોપીઓ પકડયા

**એક વોન્ટેડ બુટલેગર અને બે ચીટરની ધરપકડ કરવામાં આવી**

ગાંધીનગર, તા.૨૯

ઈન્ફોસીટી પોલીસે ૨૩ માર્ચે વહેલી સવારે રાયસણ ખાતે સ્થિત આનંદ ફાર્મમાં દરોડો પાડી દારૂ બિયરના જથ્થા સાથે ચોકીદાર મુકેશ ઠાકોરને પકડી પાડયો હતો. આ ગુનાનો મુખ્ય સુત્રધાર સનાજી વેલાજી ઠાકોર ફરાર હતો. ઈન્ફોસીટી પોલીસે ગઈ કાલે આ વોન્ટેડ બુટલેગર સનાજીની ધરપકડ કરી લીધી હતી તો બીજી તરફ થોડા સમય પહેલા ગાડી ગીરો લઈ ઈસ કી ટોપી ઉસકે સર કરીને કુડસણમાં છેતરપીંડીનો અટપટો કિસ્સો બહાર આવ્યો હતો અને ઈન્ફોસીટી પોલીસ મથકે નોંધાવા પામ્યો હતો. આ ગુનામાં મુખ્ય સુત્રધારો હજુ પણ ફરાર છે પરંતુ બે સાગરીતો પેથાપુરના સિકંદરસા હજરતસા ફકીર અને સેકટર-૨ પ્લોટ નં. ૧૫૫૧/૨નો પ્રકાશ ઉર્ફે કિશન ચુનીલાલ પંચાલ બંનેની ધરપકડ કરી લેવાઈ છે. બે દિવસમાં ઈન્ફોસીટી પોલીસે ૩ વોન્ટેડ આરોપીની ધરપકડ કરી છે.

## હવેલી મંદિરના દર્શનના સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા.૨૯

સેકટર-૨૧ સ્થિત શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી મંદિર ખાતે આગામી તા. ૧ એપ્રિલના રોજથી દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવેલ છે. ઉત્થાપન સાંજના ૪.૩૦ થી ૪.૩૫ કલાકે, સંધ્યા આરતી ૫.૦૦ થી ૫.૩૦, શયન આરતી સાંજના ૬.૩૦ થી ૭.૦૦ કલાક દરમિયાન કરવામાં આવશે. મંદિરના સવારના દર્શનના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ આંગેની સર્વે વૈષ્ણવોને નોંધ લેવા સમાજના મંત્રી ચંદ્રકાન્ત અડાલજાએ જણાવ્યું છે.

## પોલીસ કર્મીઓની જિલ્લામાં મોટા પાયે આંતરીક બદલીના ભણકારા

**૧૫૦થી વધુ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ અને એએસઆઈની આંતરિક બદલીઓ વિધાનસભા સત્રની સમાપ્તિ બાદ થાય તેવી વકી...!**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લામાં પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ અને આસી.સબ ઈન્સ્પેકટર કક્ષાના પોલીસ કર્મચારીઓની મોટા પાયે આંતરીક બદલીઓ ગણતરીના દિવસોમાં થાય તેવી શકયતા છે. વિધાનસભા સત્ર પૂર્ણ થયા બાદ બદલીઓના ઓર્ડર થાય તેવું સુત્રો પાસથી જાણવા મળ્યું છે. ૧૫૦થી વધુ પોલીસ કર્મચારીઓની બદલી થવાની શકયતાને પગલે પોલીસ બેડામાં આ ભારે ચર્ચાનો મુદ્દો બન્યો છે.

ગાંધીનગર રેન્જમાં હસમુખ પટેલે ચાર્જ લીધા બાદ જિલ્લા પોલીસમાં મોટા પાયે કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ કક્ષાના કર્મચારીઓની બદલી-બઢતી થવા પામી હતી. આ સમયગાળા દરમિયાન પોલીસ સ્ટેશનમાં વહીવટ કરતા તમામ વહીવટદારોની પણ બદલીઓ થઈ જવા પામી હતી. હવે જિલ્લામાં પુનઃ મોટા પાયે આંતરીક બદલીઓ થવાના ભણકારા થઈ રહ્યા છે. ૧૫૦થી વધુ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ તથા એએસઆઈ કક્ષાના કર્મચારીઓની બદલીઓનું લીસ્ટ પણ તૈયાર થઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે. હવે વિધાનસભાનું સત્ર પૂર્ણ થયા બાદ બદલીઓના ઓર્ડર થાય તેવી સંભાવના છે. નોંધનીય છે કે આ ફેરફારો બાદ કેટલાક પી.આઈ., પીએસઆઈ કક્ષાના અધિકારીઓની પણ જિલ્લામાં આંતરીક બદલીઓ થવાની શકયતા છે.

## ગાંધીનગરનો અભિષેક ડૉ. આંબેડકર એવોર્ડથી સન્માનિત

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૫માં લેવાયેલ ધોરણ-૧૦ની પરીક્ષાંાં સ્કૂલ ઓફ એચિવર, કુડાસણ ગાંધીનગરના વિદ્યાર્થી અભિષેક અજીતકુમાર શાહે અનુસૂચિત જાતિના વિદ્યાર્થી તરીકે સમગ્ર રાજયમાં ત્રીજો ક્રમ અને ગાંધીનગર જિલ્લામાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થી તરીકે રાજયમાં ત્રીજો ક્રમ મેળવવા બદલ ડૉ. આંબેડકર ફાઉન્ડેશન, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, નવી દિલ્હી દ્વારા ડૉ. આંબેડકર નેશનલ મેરીટ એવોર્ડ સ્કીમ હેઠળ રૂ. ૪૦,૦૦૦નો એવોર્ડ રમણલાલ વોરા, માન. મંત્રી શ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વરદ હસ્તે અભિષેક અજીતકુમાર શાહને સન્માનિત કરવામાં આવ્યો હતો. આ સન્માન કાર્યક્રમમાં કે.ડી. કાપડિયા, માન. નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ ગુ.રા. ગાંધીનગર અને શ્રી બી.પી. સોયંતર, નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ જી. ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા.



## વાતવાતમાં

● ટાઉનહોલ ખાતે યોજાયેલ રાજયકક્ષાના ઈનોવેશન ફેરના ઉદઘાટન પ્રસંગે શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા નાદુરસ્ત તબિયત હોવા છતાં ઉપસ્થિત રહ્યા હતા તેમણે હોલમાં ઉપસ્થિત શિક્ષકનો જણાવ્યું હતું કે ડૉકટરે પ્રવચન કરવાની મનાઈ કરી છે નહીંતર આજે હું તમારો 'પિરિયડ' લેવાનો હતો.

● સે-૧૬માં પાટનગર યોજના ભવન સામે ગત ચોમાસા દરમિયાન વરસેલા ઝંઝાવાતી વરસાદમાં ઝાડ પડી જવાથી તુટી ગયેલા શેડનું આખરે રિનોવેશન કરાયું છે. વોટર સમ્પના રક્ષણ માટે બનાવાયેલા આ શેડથી ઉનાળામાં તો રાહત મળી જશે પરંતુ ઉનાળા બાદ ચોમાસુ આવવાનું જ છે ત્યારે ફરી ઝંઝાવાતી વરસાદ ના વરસે તેવી પ્રાર્થના કરવી રહી.

● સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરાયેલા દર્દીઓના નવા બનાવાયેલ વોર્ડમાં આવતા સગા સંબંધી અને મુલાકાતીઓ તમામની તપાસ કરાય છે. વોર્ડમાં સ્વચ્છતા જળવાઈ રહે તે હેતુસર પાન-બીડી-ગુટખા વગેરે લઈને કોઈ પ્રવેશે નહીં તે માટે આ તપાસ કરાય છે.

● અડાલજ ખાતે એક એપાર્ટમેન્ટમાં એપોલો જેવી હોસ્પિટલમાં સારવાર માટે આવતા વિદેશીઓને પેટા ભાડુઆત હોટલની જેમ મકાન ભાડે આપવાનો ધંધો ચલાવતા હતા.પોલીસે આ મામલે મકાન માલિક, મુખ્ય ભાડુઆત અને પેટા ભાડુઆત મળીને કુલ ૪ વ્યકિતની અટકાયત કરી છે.

● ગુજરાતના બે મહાન સુપ્રસિધ્ધ સંગીતકારો પુરુષોત્તમ ઉપાધ્યાય અને ગૌરાંગ વ્યાસ આજે ગાંધીનગરના મહેમાન બન્યા છે. ટાઉનહોલ ખાતે પનઘટ કલા કેન્દ્ર દ્વારા આયોજિત કાર્યક્રમમાં ભાગ લેવા આ મહાન કલાકારો શહેરમાં પધાર્યા છે.

## ગાંધીનગર શહેર/ જિલ્લામાં એક માસમાં સર્પદંશના છ બનાવ

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ચાલુ માસમાં સર્પદંશનો ભોગ બનેલા છ જેટલા દર્દીઓ નોંધાયા છે. ઉનાળાની શરુઆતમાં જ ગાંધીનગર શહેર અને જિલ્લામાં સર્પદંશના બનાવોમાં ઉછાળો જોવા મળ્યો છે.

ઉનાળાનો ધીમી ગતિએ પ્રારંભ થયો છે ગરમીનું પ્રમાણ વધતા જમીનમાંથી સરિસૃપો એ જાણે બહાર નીકળવાનું શરુ કર્યુ છે. આ સરિસૃપો એ ગાંધીનગર જિલ્લાના છ વ્યકિતઓને દંશ દીધો છે. આ તમામ દર્દીઓને ગાંધીનગરની સિવિલમાં સમયસર લાવવામાં આવતા સારવાર મળતા સ્વસ્થ થઈ પોતાના ઘરે પરત ફર્યા છે. ગુજરાતમાં સરિસૃપોની અસંખ્ય જાતિઓ આવેલી છે. જેમાં મોટાભાગના સાપ બિનઝેરી હોય છે. જયારે સૌથી ઝેરી સાપ કોબ્રાને માનવામાં આવે છે. સાપ એ ઠંડી પ્રકૃતિ ધરાવે છે કારણકે સાપનું લોહી ઠંડુ હોય છે. સાપએ ચોમાસાની સિઝનમાં ચાર મહિના સુધી પોતાની પ્રકૃતિ પ્રમાણે જરુરી ચરબી એકત્ર કરી દે છે. ત્યારબાદ સાપ શિયાળામાં શીતનિંદ્રામાં જમીનમાં રહીને આ ચરબીમાંથી પોષણ મેળવે છે. જયારે ઉનાળાની શરુઆત થતા જ ગામ કે ખેતરમાં આવેલા રાફડામાંથી સાપ બહાર નીકળતા જોવા મળે છે. કારણ કે ઉનાળાની મૌસમ સરિસૃપ માટે અનુકુળ માનવામાં આવે છે. પોતાના ખોરાકની શોધમાં નીકળેલા સાપ ઘરમાં કે ખેતરમાં જોવા મળે છે અને દબાણ કે વ્યકિતના પગમાં અચાનક આવી જતા સાપ એ વ્યકિતઓને દંશ દેતા હોય છે. ગુજરાતમાં ૫૬ થી વધુ અંદાજીત વિવિધ પ્રજાતિના સાપ આવેલા છે. જેમાં ચાર જેટલા સાપ અત્યંત ઝેરી હોય છે અને બીજા અન્ય પ્રજાતિના સાપ બિનઝેરી હોય છે. ઉનાળાની શરુઆત થતા જ સાપ દેખાવાના કિસ્સામાં વધારો નોંધાયો છે. જયારે ગાંધીનગર જિલ્લામાં સર્પદંશના છ જેટલા બનાવ ચાલુ માસમાં નોંધાયા છે. ઉનાળાના સમયમાં રાત્રીના સમયે ખેતર કે અન્ય સ્થળો પર ચાલતી વખતે ખાસ ધ્યાન રાખવું અનિવાર્ય છે.

## દારૂની બોટલો લઈને એકટીવા પર જતા બે શખ્સો ઝડપાયા

**રૂ. ૪૬ હજારના મુદ્દામાલ સાથે બંનેની સે-૧૬માંથી ધરપકડ**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ પાસેથી પસાર થઈ રહેલ એકટીવા ઉભુ રખાવી પોલીસે તપાસ કરતા તેમાં સવાર બે યુવાન શખ્સો દારૂની ૯ બોટલ સાથે જઈ રહ્યા હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે સે-૧૬ યુથ હોસ્ટેલના ગેટ નજીકથી થરાદના ચૌધરી મહેશ વનાભાઈ અને વાવ વિસ્તારના જાડેજા હડમતસિંહ ઈન્દુભાને એકટીવા નં. જીજે ૧૨ સી.કયુ. ૫૫૯૪ સાથે પકડી પાડી બંને સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રૂ. ૪૦ હજારનું એકટીવા, રૂ. ૨૫૦૦ની કિંમતના બે મોબાઈલ અને રૂ. ૨૬૦૦ની કિંમતની ૯ નંગ દારૂની બોટલ મળી રૂ. ૪૬,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરી બોટલો કયાંથી લાવ્યા તે અંગે તપાસ કરતા પ્રાથમિક તપાસમાં સે-૩૦ના કૃણાલ રાઠોડનું નામ ખુલ્યું છે. સે-૨૧ પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

# રીસર્ચ એક સ્વભાવ બનવો જોઈએ : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

**ટાઉનહોલ ખાતે રાજયકક્ષાના બે દિવસીય શૈક્ષણિક ઈનોવેશન ફેરનો પ્રારંભ : ૧૦૦થી વધુ ઈનોવેશન્સ રજૂ કરાયા : રાજયમાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા પર ભાર મુકાયો**

## જોડાક્ષર વિનાની બાળવાર્તાઓ અને મસ્તી કી પાઠશાળાને સન્માનિત કરાઈ

રાજયકક્ષાના ઈનોવેશન ફેરમાં આજે રાણપુર-ડીસાના સીઆરસી કો-ઓર્ડિનેટર ડૉ. ભાવેશ પંડયાનું સન્માન કરાયું હતું. ડૉ. પંડયાએ જોડાક્ષર વગરની ૧૫૦૦ બાળવાર્તાઓ અને ૫૦૦ બાળગીતો રચી વિશ્વ વિક્રમ સર્જયો છે. તેમને આ સિધ્ધિ બદલ બ્રિટન યુનિ.એ ડોકટરેટની માનદ પદવી પણ એનાયત કરી છે અને નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન વતી તેઓ રાષ્ટ્રપતિ ભવન ખાતે સન્માનિત કરાયા હતા. આ ઉપરાંત પંચમહાલ જિલ્લાના સહેરા તાલુકાની નવા નદીસર પ્રા. શાળાના આચાર્ય રાકેશ પટેલનું સન્માન પણ કરાયું હતું. તેમણે પોતાની શાળાને બાળકો દ્વારા સ્વયં સંચાલિત બનાવી 'મસ્તી કી પાઠશાળા'નું બિરૂદ મેળવ્યું છે. તેમના આ ઈનોવેશન બદલ તેઓ પણ રાષ્ટ્રીય કક્ષાએ સન્માનિત થઈ ચૂકયા છે.

## એક મેકથી ચઢિયાતા ઈનોવેશન્સ રજૂ કરાયા છે

ઈનોવેશન ફેરમાં ૧૦૮ જેટલા ઈનોવેશન્સ રજૂ કરાયા છે. આમાંથી કેટલાક ઈનોવેશન્સ પ્રાથમિક શાળાના બાળકોને શિક્ષણ પ્રત્યે રૂચિ કેળવવા ઉપરાંત અભ્યાસેત્તર જ્ઞાન વધારનારા પણ છે. ગણિતના અઘરા કોયડા કે ઘડિયા સરળતાથી શીખવા, કચરાનો સદ ઉપયોગ કરવો, શૈક્ષણિક બ્લોગ દ્વારા જ્ઞાનની આપ-લે કરવી, શાળા ઉપરાંતની અન્ય સંસ્થાઓની જાણકારી આપવી, બેકિંગ પધ્ધતિઓ શીખી શાળા-બેંક કે લાયબ્રેરી ચલાવવી, કઠપુતળી દ્વારા શિક્ષણ, પર્યાવરણ સાથે પ્રેમ, ફરતું પુસ્તકાલય, મૂક શબ્દ રમત, ટેકનોલોજી, અભિનય દ્વારા શિક્ષણ વગેરે સહિત અઢળક ઈનોવેટિવ આઈડિયાઝ અહીં રજૂ કરાયા છે જે નિહાળવું નગરજનો માટે લ્હાવો બની રહેશે.

ગાંધીનગર, તા.૨૯

'રીસર્ચ અને ઈનોવેશન એક સ્વભાવ બનવો જોઈએ




તેમજ તે સતત ચાલ્યા કરવું જોઈએ. ઈનોવેશન માત્ર વિજ્ઞાન, ગણિત કે અવકાશ ક્ષેત્રે જ નથી થતુ પરંતુ સામાજિક ક્ષેત્રે પણ કરી પરિવર્તન લાવી શકાય છે. બાળક જે ભાષામાં સરળતાથી સમજી શકે તેવા શિક્ષણને ઈનોવેશન કહેવાય.' આ શબ્દો છે રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના. જેમણે આજે સે-૧૭માં ટાઉનહોલ ખાતે જીસીઆરટીઈ દ્વારા યોજાયેલ રાજયકક્ષાના શૈક્ષણિક ઈનોવેશન ફેર ૨૦૧૬ના ઉદઘાટન પ્રસંગે પ્રાસંગિક પ્રવચનમાં કહ્યા હતાં.

આ પ્રસંગે હોલમાં ઉપસ્થિત ઈનોવેટીવ શિક્ષકોને સંબોધતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વધુમાં જણાવ્યું હતું કે સમાજમાં સારા વૈજ્ઞાનિક, ઈજનેર, રાજનેતા કે સામાજિક આગેવાન વગેરે પેદા કરવાની જવાબદારી આપણી છે. સરકારી શાળામાં ધોરણ ત્રણ કે ચારમાં ભણતું બાળક વાંચી લખી ના શકે તો મને પીડા છે, આ પીડા મારે તમારા સહકારથી દૂર કરવી છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રાજયકક્ષાના શિક્ષણપ્રધાન નાનુભાઈ વાનાણીએ જણાવ્યું હતું કે આપણે ઈનોવેટીવ થવા માટે સ્વભાવ બદલવાની જરૂર છે, જો સ્વભાવ બદલશું તો અભાવમાંથી બહાર આવી શકીશું. આ ઉપરાંત આ કાર્યક્રમમાં ઉપસ્થિત આઈઆઈએમના પ્રોફેસર અને સૃષ્ટિ ફાઉન્ડેશનના કન્વીનર અનિલ ગુપ્તાએ ઈનોવેટીવ પ્રક્રિયાનો ખૂબ જ મહત્વની ગણાવતા કહ્યું હતું કે 'ઈનોવેશન એ આમ તો વર્ષો પહેલાથી પ્રારંભ થયેલ પ્રક્રિયા છે જેને આ સરકારે હવે પધ્ધતિસર બનાવી છે, રાજયની દરેક શાળામાં ઈનોવેશન માટેનું વાતાવરણ ખડું થવું જોઈએ.' આ સાથે તેમણે આ ઈનોવેશન ફેરમાં પ્રદર્શિત કરાયેલ તમામ ઈનોવેશન્સની એક ડીવીડી બનાવી રાજયની તમામ શાળાઓમાં આપવામાં આવે તેવો શિક્ષણમંત્રીને અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં જીસીઈઆરટીના નિયામક ડૉ. ટી.એસ. જોષીએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

ઉદઘાટન કાર્યક્રમમાં રાષ્ટ્રીય કક્ષાએ પોતાના ઈનોવેશન દ્વારા સન્માન પ્રાપ્ત કરનારા બે શિક્ષકો જેમાં ડીસાના રાણપુર ખાતેના સીઆરસી કો ઓર્ડિનટર ડૉ. ભાવેશ પંડયા તથા પંચમહાલની નવા નદીસર પ્રા. શાળાના રાકેશ પટેલનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. આ ઉપરાંત ભાવનગર જિલ્લાના વલ્લભીપુરના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી મમતાબેન ચૌહાણનું પણ કન્યા કેળવણી ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બદલ સન્માન કરાયું હતું. રાજયકક્ષાનો શૈક્ષણિક ઈનોવેશન ફેરમાં ૧૦૦થી પણ વધુ ઈનોવેશન્સ રજૂ કરાયા છે. આ ઈનોવેશન ફેર તા. ૩૦મી માર્ચ બુધવાર સુધી ચાલનાર છે.




સંપૂર્ણ તંદુરસ્તી અભિયાનના ભાગરૂપે વિદ્યાર્થીઓની આંખોની તેજસ્વીતા અને તંદુરસ્તી જળવાઈ રહે તે માટે ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં આંખ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વિદ્યાર્થીઓ તેમજ શાળાના કર્મચારીઓની આંખોની તપાસ અદ્યતન સાધનો દ્વારા કરવામાં આવી હતી. આ કેમ્પમાં આંખની ખામીનું નિદાન કરી સારવાર માટે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આંખ નિદાન અને સાવચેતી માટે યોજાયેલ આ કેમ્પમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ લાભ લીધો હતો.

## ચિરવિદાય

● સ્વ. મંજુલાબેન મફતલાલ પ્રજાપતિ, ઉ.વ.૫૫